# મરહૂમ હાજી મુસા અહમદ દેસાઈ

*રજૂ કરનાર: મહેક ટંકારવી*

ટંકારીઆની જમાતી મસ્જિદ મસ્જિદે ઝિનતુલ ઇસ્લામ (મરકઝી મસ્જિદ) સાથે પ્રથમથી સંકળાયેલા પાયાના કેટલાક વડીલોમાં મરહૂમ મુસા અહમદ દેસાઈ અગ્રસ્થાને હતા. ખૂબ જ ફિકરમંદ અને મસ્જિદ મદ્રસાના નવા નવા કામ માટે અહીં તહીં દોડધામ કરતાં કદી પણ થાકતા નહીં. ઝઇફ ઉંમર હોવા છતાં મદ્રસાની ઇમારતના બાંધકામ માટે અહીં યુ.કે.માં ચંદો કરવા માટે આવ્યા હતા તે વેળા દીનના કામો માટે તેમનો લગાવ, તેમની તનતોડ મહેનત અને તેમના નિખાલસ સ્વભાવનો સારો પરિચય મળ્યો હતો. જનાબ યાકૂબ બાજીભાઇ ભૂતાવાલા સાથે ચંદા માટે બહાર નીકળતા ત્યારે એક પણ ઘર બાકી ન રહે તેના માટે ખાસ આગ્રહ રાખતા. માથા પર વરસાદ ઝીંકાતો હોય કે વાતાવરણમાં ઠંડી હોય અને અમે બહાર નીકળવાનું માંડી વાળવાનું અથવા આવતી કાલે બાકીનું કામ પતાવવાનું કહેતા ત્યારે ‘આવતીકાલનો કોને ભરોસો છે, નેકી કરવી છે તો હમણાં જ કરી લો’ એમ કહી અમને તૈયાર કરતા અને પછી ઘેરઘેર દરવાજે દસ્તક આપી જે મળે તે ચંદો વસુલ કરતા.

મને યાદ છે કે લેંકેશાયરનો ચંદો પતાવી યોર્કશાયરમાં ગયા જ્યાં ડયુઝબરી પછી બાટલીમાં ફરવાનું થયું. બાટલીમાં મુખ્યત્વે સુરતી વહોરાઓની વસતી અને તે વેળા બહારના ચંદાઓમાં ૫૦ પેની કે ૧ પાઉન્ડ જેવી રકમ આપવાનો સામાન્ય રિવાજ. આવી નાની નાની રકમો વસુલ કરવા પણ તેઓ ઘેરઘેર ફરતા અને અમે કંઇક કહીએ ત્યારે તરત ઇન્ડિયાનો હિસાબ બતાવી કહેતા કે તમારા અહીંના પચાસ પૈસામાં તો અમારે ત્યાં કેટલું બધું કામ થઇ શકે એમ છે, એક થેલી સિમેન્ટ આવી જાય, બેચાર મજૂરોનો રોજ ચૂકવાય જાય! માટે પચાસ પેની કે પાઉન્ડ જેવી રકમ પણ જતી કરવી જોઇએ નહીં. એજ પ્રમાણે મુંબઇ વગેરે સ્થળોએ મદ્રસાના ચંદા માટે જતા ત્યારે ખારી સીંગ વેચનાર ટોપલાવાળો જો એક રૂપિયો આપે તો તે પણ ખુશી ખુશી સ્વીકારી લેતા.

ખૂબ જ મહેનતને પરિણામે યુ.કે.માંથી જોઇતો ચંદો વસુલ કરી શકયા હતા. એમણે અને એમના નિખાલસ, દીનદાર અને દીનની ફિકર કરવાવાળા સાથીઓએ મળી અત્યારે નાના પાદરમાં મદ્રસાની જે ભવ્ય ઇમારત ઊભી છે તેનો પાયો નાંખ્યો હતો. આજે આ મદ્રસામાં ૬૫૦ જેટલાં બાળકો તાલીમ લઇ રહ્યાં છે અને બીજાં કેટલાંક હિફ્ઝ કરી રહ્યાં છે.

મરહૂમ મુસા અહમદ દેસાઈની દીન માટેની ફિકર તેઓ આ દુનિયામાં નથી તેમ છતાં જાણે ચાલુ રહી હોય તેનો પુરાવો જનાબ ઇબ્રાહીમભાઇ તતવાએ કહેલી એક વાત પરથી મળી રહે છે. મરકઝી મસ્જિદમાં નમાઝીઓની સંખ્યા વધતાં જગ્યા ટૂંકી પડે છે અને મસ્જિદનો વિસ્તાર કરવાની જરૂર છે એની ફિકર જાણે તેમને થઇ હોય તેમ ઇબ્રાહીમભાઇને ખ્વાબમાં તેમણે આ વાત તરફ ધ્યાન દોરાવતાં કહ્યું કે મસ્જિદમાં જગ્યાની આટલી તંગી છે અને તમે બેસી રહ્યા છો! બસ, આ ઇશારો મળતાં ઇબ્રાહીમભાઇએ એ માટે ઘટતું કરવાનો નિર્ણય કર્યો જેના પરિણામે હાલની મસ્જિદ પાછળની થોડીક જમીન આશરે ૧૫ લાખના ખર્ચે ઇબ્રાહીમભાઇએ મસ્જિદ વિસ્તરણ માટે એકલાએ ખરીદી આપી છે.

મસ્જિદ-મદ્રસા ઉપરાંત ગામનાં કેટલાંક સાર્વજનિક કામોમાં પણ તેમનો ફાળો રહ્યો છે. રિયુનિયનમાં મરહૂમ હાજી સાહેબ રાંધવાવાળાએ કરેલા ઉઘરાણાના પૈસાથી છેવટે ગામમાં સૌ પ્રથમ પાણીની જે બે ટાંકીઓ બની તેમાં તે સમયે ‘ગામેરુ લડાઇ’ને કારણે ગામના કલુષિત બનેલા વાતાવરણમાં ઉઘરાણાના નાણાની અનામતોની જે તે વ્યક્તિઓ પાસેથી વસુલાત અને જે કામ માટે નાણાં ઉઘરાવવામાં આવ્યાં હતાં તે કામ માટે તેમનો ઉપયોગ થાય તેની ખાતરી કરવામાં તેમના ડહાપણભર્યા મધ્યસ્થીપણાએ સારો એવો ભાગ ભજવ્યો હતો.

અલ્લાહ પાક આ બુઝુર્ગોએ કરેલા પાયાના કામને કબુલ કરે અને તેમને જન્નતુલ ફિરદૌસમાં આલા મુકામ નસીબ ફરમાવે. તેઓ આજે આપણી વચ્ચે નથી પણ તેમણે કરેલી નેકીઓ અને સવાબે જારિયાહના કામોની સુવાસ આપણી આસપાસ પથરાયેલી છે અને આપણા દીની જીવનને મહેકાવી રહી છે.